વરસાદથી પ્રભાવિત રોમાંચક મેચમાં 4 રનથી ભારતની જીત


સંયમિત ઇનિંગ્સ રમી કેએલ રાહુલે વિજય અપાવ્યો, કોહલી નિષ્ફળ ગયો

ભારતે ન્યૂઝીલેન્ડને 134 રનમાં ઓલઆઉટ કર્યું, ગુરનૂરે 4 વિકેટ ઝડપી

ભારતીય બેટિંગ દરમિયાન વરસાદ પડ્યા બાદ DLS નિયમ મુજબ ભારતને વિજેતા જાહેર કરવામાં આવ્યું

પ્રારંભિક ધબડકા બાદ કે એલ રાહુલની લડાયક ઈનિંગ, કોહલી નિષ્ફળ ગયો





વેલિંગ્ટન, તા. 7 (પીટીઆઈ): ભારતના સ્ટાર બેટિંગ લાઇન-અપના પ્રારંભિક ધબડકા બાદ કે એલ રાહુલની સંયમિત બેટિંગ અને યુવા ફાસ્ટ બોલરોના શાનદાર પ્રદર્શનની મદદથી ભારતે ન્યૂઝીલેન્ડ સામેની વરસાદથી પ્રભાવિત બીજી વનડે મેચમાં 4 રનથી રોમાંચક જીત મેળવી છે. આ વિજય સાથે ભારતે 5 મેચોની વનડે શ્રેણીમાં 2-0થી સરસાઈ મેળવી લીધી છે.

વરસાદના કારણે 47 ઓવર કરવામાં આવેલી આ મેચમાં ન્યૂઝીલેન્ડની ટીમ ભારતીય બોલરો સામે માત્ર 134 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. 135 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમની શરૂઆત ખૂબ જ ખરાબ રહી હતી. કેપ્ટન શુભમન ગિલ (0) પ્રથમ બોલે જ આઉટ થયો હતો, જ્યારે વિરાટ કોહલી માત્ર 7 રને અને રોહિત શર્મા 23 રન બનાવી પેવેલિયન ભેગા થયા હતા.

એક સમયે ભારતે 26 ઓવરમાં 113 રને 7 વિકેટ ગુમાવી દીધી હતી. જોકે, એક છેડે સ્થિર રહીને બેટિંગ કરી રહેલા કેએલ રાહુલે (26*) ભારે દબાણ વચ્ચે ધૈર્ય જાળવી રાખ્યું હતું. ત્યારબાદ મુશળધાર વરસાદ શરૂ થતાં રમત બંધ કરવી પડી હતી. તે સમયે DLS નિયમ મુજબ ભારતનો પાર-સ્કોર 109 રન હતો, જેના કારણે ભારતને 4 રનથી વિજેતા જાહેર કરવામાં આવ્યું હતું.

મેચના મહત્વના રેકોર્ડ્સ

» પંજાબના યુવા ઝડપી બોલર ગુરનૂર બરારે પોતાની આક્રમક પેસ અને બાઉન્સથી કિવી મિડલ ઓર્ડરને ધ્વસ્ત કરતાં 30 રન આપીને 4 વિકેટ ઝડપી હતી, જે તેની કરિયરનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે.

» આકિબ નબીએ (2 વિકેટ) ટિમ સીફર્ટને આઉટ કરીને પોતાની આંતરરાષ્ટ્રીય વનડે કારકિર્દીની પ્રથમ વિકેટ મેળવી હતી.

» 176 ડોટ બોલ્સ: સચોટ બોલિંગના જોરે ભારતીય બોલરોએ ન્યૂઝીલેન્ડની ઇનિંગ્સ દરમિયાન કુલ 176 ડોટ બોલ્સ ફેંક્યા હતા.

રેકોર્ડ્સ અને ટીમની જીતમાંથી કયું છે સર્વોપરી? એક કાયમી ધર્મસંકટ


કોહલીની 100મી આંતરરાષ્ટ્રીય સદી પૂરી કરવાની તક આપવા માટે કોઈ સાથી બેટ્સમેન પોતાના રનનું બલિદાન આપે છે, તો તે ગર્વ માત્ર કોહલીનો જ નહીં પરંતુ ભારતના તમામ ક્રિકેટ પ્રશંસકોનો પણ હશે

ભારતની આસાન જીતે વનડે શ્રેણી માટે યોગ્ય માહોલ તૈયાર કરી દીધો છે. ટી-20 સિરીઝ આરામથી જીત્યા બાદ એવું ચોક્કસ દેખાય છે કે ભારતીય ટીમ વનડે સિરીઝ પણ પોતાના નામે કરી લેશે. આ પંક્તિઓ લખાઈ રહી છે ત્યારે પણ સ્થિતિ એવી જ દેખાઈ રહી છે, જ્યાં ભારતીય ફાસ્ટ બોલરોએ 7 ઓવરમાં માત્ર 12 રન આપીને કિવી ટીમની 2 વિકેટ ઝડપી લીધી છે.

હા, અગાઉના 2 દિવસ પિચ પર કવર રહેવા અને આકાશ વાદળછાયું હોવાને કારણે પિચ નીચે થોડો ભેજ જરૂર લાગે છે, જેના કારણે બેટિંગ કરવી સરળ નહીં રહે. ભારતીયો બેટિંગ કરવા આવશે ત્યાં સુધીમાં પિચ થોડી સરળ થઈ જવી જોઈએ. છતાં બેટિંગ આસાન તો નહીં જ હોય, તેથી તે જરૂરી છે કે કિવી ટીમનો મિડલ અને લોઅર-ઓર્ડર અંકુશમાં રાખવામાં આવે.

રોહિત શર્મા અને વિરાટ કોહલીના પ્રશંસકો ઈચ્છશે કે લક્ષ્યાંકનો પીછો રોમાંચક બને જેથી તેમને તેમના મનપસંદ ખેલાડીઓને વધુ જોવા મળે. શુભમન ગિલ પણ છે, જેણે પ્રથમ મેચમાં આત્મવિશ્વાસપૂર્ણ અને સંયમિત દેખાવ કર્યો હતો. કેપ્ટન અને તેની પછી બેટિંગમાં આવેલા શ્રેયસ અય્યર માટે પોતાની ઇનિંગ્સની રફતાર નક્કી કરવી મુશ્કેલ બની હતી કારણ કે બીજી બાજુ વિરાટ કોહલી આકાશને આંબે તેવા સ્તરે બેટિંગ કરી રહ્યો હતો. તે પોતાની 50 રન પૂરી કરી ચૂક્યો હતો અને ઇનિંગ્સ દરમિયાન રમત અટકી જવાના કારણે ટાર્ગેટ ઘટી રહ્યો હતો, જેથી તેની સદી તરફ આગળ વધવાની તકો વધુ સંકુચિત થઈ રહી હતી. આવી સ્થિતિમાં બીજા છેડે રહેલા બેટ્સમેને શું કરવું જોઈએ? ગિલ અને અય્યર માટે આ દ્વિધા બની રહી હશે કારણ કે તેઓ જે પણ રન બનાવતા હતા તેની સાથે સદી અને ટાર્ગેટ વચ્ચેનું અંતર વધુ સંકુચિત થતું જતું હતું.

આ વાત મને 1984ની લોર્ડ્સ ખાતેની ટેસ્ટ મેચની યાદ અપાવે છે, જ્યારે ઈંગ્લેન્ડના કેપ્ટન ડેવિડ ગાવસ્કરે વેસ્ટ ઇન્ડિઝને મેચના છેલ્લા દિવસે 341 રનનો ટાર્ગેટ આપ્યો હતો. ગોર્ડન ગ્રીનિજે ધમાકેદાર શરૂઆત કરી અને વેસ્ટ ઇન્ડિઝને આરામથી જીતાડવા માટે શાનદાર બેવડી સદી ફટકારી. લારી ગોમ્સ અને ગ્રીનિજ વચ્ચે મોટી ભાગીદારી થઈ હતી જેણે ઈંગ્લેન્ડની જીતની કોઈપણ આશાને ખતમ કરી નાખી હતી. અંત તરફ જ્યારે મેચ જીતવા માટે માત્ર એક ડઝન જેટલા રન બાકી હતા અને ઓવરો પણ ઘણી બધી બાકી હતી, ત્યારે ગ્રીનિજ પોતાની બેવડી સદી ફટકારી ચૂક્યા હતા અને ગોમ્સ



લેઈટ કટ

- સુનિલ ગવાસ્કર

પોતાની સદીથી 8 રન દૂર હતા. હું તે સમયે વેસ્ટ ઇન્ડિઝના ચેન્જ રૂમમાં જ હતો અને ત્યાં ચાલી રહેલી ચર્ચા સાંભળવી રસપ્રદ હતી. ચર્ચા મુખ્યત્વે એ વાત પર હતી કે શું ગોમ્સને સદી પૂરી કરવા દેવી જોઈએ કે પછી વ્યક્તિગત માઈલસ્ટોનને બાજુ પર રાખીને વિજય મેળવવો જોઈએ. યાદ રાખો કે ત્યાં સમય કે ઓવરોનો કોઈ દબાણ નહોતું. ગ્રીનિજે માત્ર સદી જ નહીં પરંતુ બેવડી સદી ફટકારી હતી અને હજુ ઘણું બેટિંગ બાકી હોવા છતાં જીતવા માટે માત્ર એક ડઝન રન જ જોઈતા હતા. ગોમ્સ સદીથી 8 રન દૂર હતા. પરંતુ આગળ શું થયું? ગ્રીનિજે ત્રણ બાઉન્ડ્રી ફટકારીને મેચ પૂરી કરી દીધી અને ગોમ્સ 92 રનના સ્કોર પર જ અટવાઇ ગયા.

કોઈપણ ભ્રમમાં ન રહેતા, ટીમ હંમેશાં સર્વોપરી હોય છે પરંતુ આ એક એવી રમત પણ છે જ્યાં ખેલાડીઓએ એકબીજાની સંભાળ રાખવી જોઈએ, જેનાથી ટીમની ભાવના મજબૂત બને છે અને દરેક વ્યક્તિ તેમાં યોગદાન આપતી હોવાથી મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કરવામાં મદદ મળે છે. જો વ્યક્તિગત રેકોર્ડ બનાવતી વખતે તે ટીમ વિરુદ્ધ ન જતું હોય, તો બહારની દુનિયા ગમે તેટલા ભિન્ન અભિપ્રાયો ધરાવતી હોય તો પણ તેમાં કોઈ વાંધો ન હોવો જોઈએ.

યાદ કરો, પાકિસ્તાનમાં પાકિસ્તાન સામેની ટેસ્ટ મેચમાં જ્યારે દ્રવિડે સચિન તેંડુલકર બેવડી સદીથી 6 રન દૂર હતા ત્યારે ઇનિંગ્સ ડિક્લેર કરી દીધી હતી ત્યારે ચેન્જ રૂમનું તણાવપૂર્ણ વાતાવરણ કેવું હતું. આ બંને ખરેખર અસાધારણ ક્રિકેટરોની ટીમ પ્રત્યેની પ્રતિબદ્ધતા અને સમર્પણ પર ક્યારેય એક સેકન્ડ માટે પણ શંકા નહોતી રહી, પરંતુ તે ઘોષણા પછી એક કે બે દિવસ માટે ચેન્જ રૂમમાં અસંતોષની ભાવના જરૂર હતી. ભારતે સમય બાકી રહેતા આરામથી મેચ જીતી લીધી હતી. 1983માં ભારત સામે જાવેદ મિયાંદાદ 280 રને અણનમ હતા ત્યારે ઇમરાન ખાન દ્વારા પણ આવી જ ઘોષણા કરવામાં આવી હતી. જાવેદે હજુ સુધી તે વાત ભૂલી નથી, ખાસ કરીને એટલા માટે કે પાકિસ્તાને તે મેચ એક ઇનિંગ્સથી જીતી લીધી હતી અને સમય પણ ઘણો બાકી હતો.

તો શું દ્રવિડ અને ઇમરાન સાથી ખેલાડીઓની વ્યક્તિગત સિદ્ધિઓ માટે ડિક્લેરેશન મોડું કરી શકતા હતા? પાછળ ફરીને જોઈએ તો એવું કહેવું સરળ છે કે 'હા તેઓ કરી શકતા હતા', પરંતુ શું થાય જો વિરોધી ટીમ સંઘર્ષ કરીને માંડ માંડ મેચ બચાવી લેતી? તો પછી લોકો તેમની ટીકા કરવા માટે તૈયાર જ બેઠા હોત.

ભારતીયો હંમેશાં રેકોર્ડ્સના શોખીન રહ્યા છે અને તેથી જ તેને મેળવવા પાછળના નફા-નુકસાન વિશે હંમેશાં ચર્ચા થતી રહે છે. એક વાત ચોક્કસ છે કે જે 99% લોકો એમ કહે છે કે તેઓ રેકોર્ડ માટે નથી રમતા, તેઓ વાસ્તવમાં પ્રતિભા અને સ્વભાવની દ્રષ્ટિએ કોઈ રેકોર્ડ બનાવવા માટે અસમર્થ હોય છે, તેથી તેમના માટે આવું બોલવું ખૂબ સરળ છે.

કોહલી 70ના સ્કોરે આઉટ થઈ ગયો હતો. તેથી જો મેચ જીતવાની સાથે કોહલી 90 રને અણનમ રહેતે તો ગિલ અને અય્યરને વિવાદનો સામનો કરવો પડતે જેનાથી તેઓ બચી ગયા. હા, આ એક ટીમ ગેમ છે પરંતુ ટીમ માટે એ પણ સારું છે કે જો તેના કોઈ સભ્યને, ખાસ કરીને સ્ટાર ખેલાડીને, ટીમની જીતવાની શક્યતાઓને અસર કર્યા વિના કોઈ વ્યક્તિગત માઈલસ્ટોન પ્રાપ્ત થાય છે.

ભારતમાં એવો એક પણ ક્રિકેટ પ્રશંસક નહીં હોય જે એવું ન ઇચ્છતો હોય કે કોહલી તેની 100મી આંતરરાષ્ટ્રીય સદી સુધી પહોંચે. આપણે બધા તેને ત્યાં પહોંચવા માટે ઉત્સાહપૂર્વક પ્રોત્સાહિત કરી રહ્યા છીએ, અને તેથી જો કોઈ એવી તક આવે જ્યાં અન્ય કોઈ સહયોગી ખેલાડી તેને તે હાંસલ કરવાની તક આપવા માટે પોતાના રનનું બલિદાન આપે છે, તો તે ગર્વ માત્ર કોહલીનો જ નહીં પરંતુ ભારતના તમામ ક્રિકેટ પ્રશંસકોનો પણ હશે.

મોહમ્મદ શમીની આંતરરાષ્ટ્રીય ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ

13 વર્ષની ભવ્ય કારકિર્દીનો અંત, ઘરેલુ વ્હાઇટ-બોલ ક્રિકેટ અને આઈપીએલ રમવાનું રાખશે ચાલુ

ભારત માટે 64 ટેસ્ટ મેચ રમનાર શમીએ 27.71ની એવરેજથી કુલ 229 વિકેટો ઝડપી છે

6 નવેમ્બર 2013ના રોજ આંતરરાષ્ટ્રીય ટેસ્ટમાં ડેબ્યુ કરનાર શમીએ 6 નવેમ્બરે જ નિવૃત્તિની જાહેરાત કરી



આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં રેકોર્ડ

મેચ	વિકેટ	ઈકોનોમી
	ટેસ્ટ મેચ	
64	229	3.30
	વન-ડે	
108	206	5.58
	ટી-20	
25	27	8.95

ટેસ્ટ મેચમાં શમી ભારત માટે છઠ્ઠો સૌથી સફળ બોલર

» ભારત માટે 6ઠ્ઠો સૌથી સફળ ટેસ્ટ ફાસ્ટ બોલર: શમીએ 64 ટેસ્ટ મેચોમાં 229 વિકેટ ઝડપી છે. ભારત માટે ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ વિકેટ ઝડપનારા ફાસ્ટ બોલરોની યાદીમાં તે કપિલ દેવ (434), ઝાહિર ખાન (311), ઈશાંત શર્મા (311), જવાગલ શ્રીનાથ (236) અને જસપ્રીત બુમરાહ (234) પછી 6ઠ્ઠા સ્થાને રહ્યો.

» ડેબ્યૂ અને રિટાયરમેન્ટની તારીખનો અનોખો સંયોગ: શમીએ 6 નવેમ્બર 2013ના રોજ કોલકાતાના ઇડન ગાર્ડન્સ ખાતે ટેસ્ટ ડેબ્યૂ કર્યું હતું. તેણે પોતાની રિટાયરમેન્ટ માટે પણ બરાબર 13 વર્ષ પછી 6 નવેમ્બરની જ તારીખ પસંદ કરી.

» શમીએ પોતાની ડેબ્યુ ટેસ્ટ મેચમાં જ 9 વિકેટ ઝડપી હતી.

» ઇનિંગ્સમાં શ્રેષ્ઠ બોલિંગ: તેણે પોતાના ટેસ્ટ કરિયરમાં કુલ 6 વખત ઇનિંગ્સમાં 5 વિકેટ ઝડપી હતી, જેમાં ઈંગ્લેન્ડ સામે 56 રનમાં 6 વિકેટ તેની કારકિર્દીનો સર્વશ્રેષ્ઠ સ્પેલ હતો.

» હોમ અને વિદેશી ધરતી પરના રેકોર્ડ : દક્ષિણ આફ્રિકા, વેસ્ટ ઇન્ડિઝ અને ભારતમાં રમેલી 35 ટેસ્ટ મેચોમાં તેણે 25 કરતાં પણ ઓછી એવરેજથી 131 વિકેટો ઝડપી હતી.

કોલકાતા. તા. 6 (પીટીઆઈ): ભારતીય ફાસ્ટ બોલર મોહમ્મદ શમીએ આંતરરાષ્ટ્રીય ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરીને પોતાના 13 વર્ષના શાનદાર રેડ-બોલ કરિયરને પૂર્ણ વિરામ આપ્યું છે.

6 નવેમ્બર 2013ના રોજ વેસ્ટ ઈન્ડિઝ સામે ઈડન ગાર્ડન્સ ખાતે પોતાનું આંતરરાષ્ટ્રીય ટેસ્ટ ડેબ્યૂ કરનાર શમીએ બરાબર 13 વર્ષ પછી આ જ તારીખે ટેસ્ટ ફોર્મેટને અલવિદા કહ્યું છે. જોકે, તેણે સ્પષ્ટ કર્યું છે કે તે લિમિટેડ ઓવરોની ક્રિકેટ (વ્હાઇટ-બોલ) રમવાનું ચાલુ રાખશે પછી તે ઘરેલુ હોય કે આઈપીએલ અને જો તે ફિટ હશે તો જરૂર પડ્યે ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં (4 દિવસની ટેસ્ટમાં) પણ રમતો રહેશે.

36 વર્ષીય શમીએ સોશિયલ મીડિયા પર ભાવુક વીડિયો મેસેજ શેર કરતા કહ્યું હતું કે 'ટેસ્ટ જર્સી છોડવી મુશ્કેલ છે પરંતુ તેની સાથે જોડાયેલી યાદો ક્યારેય નહીં ભૂલાય. જ્યારે મેં આ જર્સી પહેરી હતી મારું એક જ સ્વપ્ન હતું કે દેશ માટે કંઈ કરી બતાવું.' તેણે પોતાની કારકિર્દીમાં અનેક મુશ્કેલીઓ, ઈજાઓ અને શાનદાર પુનરાગમનનો સામનો કર્યો છે. ભારત માટે 64 ટેસ્ટ મેચ રમનાર શમીએ 27.71ની એવરેજથી કુલ 229 વિકેટો ઝડપી છે, જેમાં 6 પાંચ વિકેટ ઝડપવાના પરાક્રમનો પણ સમાવેશ થાય છે. 279માં નંબરની ટેસ્ટ કેપ પહેરનાર શમીએ ભારત માટે ટેસ્ટમાં છઠ્ઠા સૌથી સફળ ઝડપી બોલર તરીકે પોતાની સફર પૂરી કરે છે.

દક્ષિણ આફ્રિકા, ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા જેવી વિદેશી ધરતી પર પોતાની ઘાતક સીમ અને સ્વિંગ બોલિંગથી ભારતને વિજય અપાવવામાં શમીનું યોગદાન અદ્ભુત રહ્યું છે. તેની છેલ્લી ટેસ્ટ મેચ જૂન 2023માં ઓસ્ટ્રેલિયા સામે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઇનલ હતી. તાજેતરમાં રણજી ટ્રોફીમાં 3 મેચમાં કુલ 14 વિકેટ લઈ શાનદાર પ્રદર્શન કરવા છતાં ન્યૂઝીલેન્ડ પ્રવાસ માટે પસંદગી ન થવાથી તેણે નિવૃત્તિનો આ નિર્ણય લીધો હોવાનું માનવામાં આવી રહ્યું છે. શમીએ બીસીસીઆઈ, ક્રિકેટ એસોસિએશન ઓફ બંગાલ (CAB), પોતાના પ્રશંસકો અને કોચનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

ન્યૂઝીલેન્ડ 'એ' સામે પ્રથમ દિવસે ઇન્ડિયા 'એ'નો સ્કોર 2 વિકેટે 227 રન

યશસ્વી જયસ્વાલે ન્યૂઝીલેન્ડ 'એ' સામે સતત બીજી સદી ફટકારી

દિવસના અંતે સાઈ સુદર્શન 77 રન બનાવી રમતમાં

આ મેચમાં સિનિયર ખેલાડીઓ બુમરાહ, જાડેજા અને પ્રસિદ્ધ ક્રિષ્ણા પણ રમી રહ્યા છે



લિંકન, તા. 7 (પીટીઆઈ): આગામી 19 નવેમ્બરથી શરૂ થઈ રહેલી 2 ટેસ્ટ મેચોની સિરીઝ અગાઉ ભારતીય ઓપનર બેટર યશસ્વી જયસ્વાલે પોતાનો શાનદાર ફોર્મ પાછો મેળવ્યો છે. ન્યૂઝીલેન્ડ 'એ' સામેની ત્રીજી બિનસત્તાવાર ટેસ્ટ મેચના પ્રથમ દિવસે આક્રમક બેટિંગ કરતા જયસ્વાલે સતત બીજી ફર્સ્ટ ક્લાસ સદી ફટકારી હતી. તેની સદીની મદદથી પ્રથમ દિવસના રમતના અંતે ઇન્ડિયા 'એ' ટીમે 2 વિકેટ ગુમાવીને 227 રન બનાવી લીધા છે. 70મી ઓવરમાં ભારે વરસાદના કારણે રમત વહેલી બંધ કરવી પડી હતી.

ટોસ જીતીને બેટિંગ કરવા ઉતરેલી ભારતીય ટીમ તરફથી જયસ્વાલે માત્ર 138 બોલમાં 102 રનની આક્રમક ઈનિંગ રમી હતી, જેમાં 2 છગ્ગા અને શાનદાર ચોગ્ગા સામેલ હતા. તેના આઉટ થયા બાદ સાઈ સુદર્શને 205 બોલમાં 77 રન બનાવ્યા હતા અને હજુ રમી રહ્યો છે, જ્યારે કેપ્ટન ધ્રુવ જુરેલ 12 રને રમતમાં છે. દેવદત્ત પડિક્કલ મોટી ઈનિંગ રમવામાં નિષ્ફળ રહ્યો હતો અને કેચ આઉટ થયો હતો. લિંકનના લીલા ઘાસ ધરાવતી પિચ પર ભારતીય બેટ્સમેનોએ કીવી બોલરો સામે સરળતાથી રન બનાવ્યા હતા.

પ્રથમ રેડ-બોલ મેચમાં નિષ્ફળ રહ્યા બાદ યશસ્વી જયસ્વાલે આ ઈન્ડિયા 'એ' પ્રવાસમાં સતત બીજી ફર્સ્ટ-ક્લાસ સદી (102 રન) ફટકારીને પોતાની લય પાછી મેળવી છે. મુખ્ય ટેસ્ટ શ્રેણીની તૈયારીના ભાગરૂપે ભારતીય સીનિયર ટીમના જસપ્રીત બુમરાહ, રવિન્દ્ર જાડેજા અને પ્રસિદ્ધ ક્રિષ્ના પણ આ મેચમાં ઈન્ડિયા 'એ' ટીમનો ભાગ બન્યા છે.

અનુસંધાન... પાના પહેલાનું

અમેરિકાએ ઇરાન...

ચૂંટણીમાં ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીને મળેલા આંચકાજનક પરાજય પછી શુક્રવારના હુમલા પ્રથમ છે. દરમ્યાન, શુક્રવારે વહેલી સવારે, બે પશ્ચિમ એશિયાઈ સરકારોના અધિકારીઓએ જણાવ્યું હતું કે તેહરાનના અણુ કાર્યક્રમ અંગે અમેરિકા સાથેના મતભેદોને ઉકેલવાના હેતુથી મુખ્ય મધ્યસ્થ કતર દ્વારા રજૂ કરવામાં આવેલા પ્રસ્તાવની ઈરાન સમીક્ષા કરી રહ્યું છે. પરંતુ અધિકારીઓમાંથી એકે ભારપૂર્વક જણાવ્યું હતું કે ઈરાન, ઓછામાં ઓછું અત્યારના તબક્કે, ટ્રમ્પ વહીવટીતંત્ર સાથે તેની પરમાણુ પ્રવૃત્તિઓ અંગે ત્યાં સુધી વાટાઘાટોમાં જોડાવા અસંમત છે, જ્યાં સુધી અમેરિકા તેહરાન દ્વારા રજૂ કરવામાં આવેલી કેટલીક મુખ્ય શરતો સાથે સંમત ન થાય, જે ઈરાન માંગ કરી રહ્યું છે કે તે કોઈપણ યુદ્ધવિરામ કરારનો ભાગ હોવી જોઈએ.

પોતાની અણુ...

પરમાણુ નીતિમાં શક્ય ફેરફારો પર વિચાર કરી રહ્યા છે. જો કે રેઝાઈએ એ પણ સ્પષ્ટ કર્યું હતું કે હજુ સુધી કોઈ નિર્ણય લેવાયો નથી. આઇઆરજીસીએ એમ પણ કહ્યું છે કે ઇરાને બેલેસ્ટિક મિસાઇલોની રેન્જ અંગેની સ્વઘોષિત ૨૦૦૦ કિમીની મર્યાદા ઉઠાવી લીધી છે અને આ બાબત સૂચવે છે કે વધુ દૂરના અંતર સુધી જતી મિસાઇલ ઇરાન વિકસાવી શકે છે.

યમનના એક...

નિયંત્રણ ધરાવે છે – અને દક્ષિણ અને પૂર્વમાં સ્થિત તેમના સાઉદી સમર્થિત વિરોધીઓ વચ્ચે લડાઈ તીવ્ર બની છે. શુક્રવારે દક્ષિણ યમનના એક બજારમાં થયેલા હવાઈ હુમલામાં ઓછામાં ઓછા ૩૦ લોકો માર્યા ગયા હતા, તેમ હૂથી અધિકારીઓના જણાવ્યા અનુસાર માહિતી મળી હતી. હૂથીઓ અને યમનની સાઉદી સમર્થિત સેના બંનેએ તે હુમલા માટે એકબીજાને દોષી ઠેરવ્યા હતા. હૂથી સંચાલિત અલ-મસીરા ટીવીના શનિવારના હુમલા પછીના ફૂટેજમાં સ્ટાફ સ્થાનિક હોસ્પિટલમાં એમ્બ્યુલન્સમાંથી અનેક નાના બાળકોના મૃતદેહો બહાર કાઢતો જોવા મળ્યો હતો. એક નાની બાળકીનું માથું ફાટી ગયું હતું. સ્ટાફ દ્વારા સારવાર દરમિયાન અન્ય બાળકો લોહીલુહાણ અને પાટા બાંધેલી હાલતમાં સ્ટ્રેચર પર પડેલા જોવા મળ્યા હતા. લડાઈ ફરી શરૂ થવાથી એવી ભીતિ સેવાઈ રહી છે કે યમન ફરી એકવાર એવા ગૃહયુદ્ધના ભયાનક તબક્કામાં ધકેલાઈ જશે જે એક દાયકાથી વધુ સમયથી ચાલી રહ્યું છે અને જેના કારણે વિશ્વની સૌથી મોટી માનવતાવાદી આપત્તિઓમાંની એક સર્જાઈ છે.

હવાઇ દળના...

હવાઇ દળે આ લેન્ડિંગને તેના ક્રૂની અસાધારણ કુશળતા, ચોકસાઇ અને વ્યવસાયિકતાના ટેકા સાથે આ વિમાનની મજબૂત ક્ષમતા તરીકે ગણાવ્યું છે. IAFએ સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે, "ભારતીય વાયુસેનાના IL-76MD એ ન્યોમા ખાતે સફળ લેન્ડિંગ સાથે ઇતિહાસ રચ્યો છે, જે આ વિમાન દ્વારા વિશ્વભરમાં કરવામાં આવેલું અત્યાર સુધીનું સૌથી ઊંચાઈવાળું લેન્ડિંગ છે. વાયુસેનાએ જણાવ્યું હતું કે આ ટચડાઉન એક મહત્વપૂર્ણ સીમાચિન્હ છે જે ભારતની વ્યૂહાત્મક એરલિફ્ટ ક્ષમતાને વધુ મજબૂત બનાવે છે. ૧૩,૬૨૯ ફૂટની ઊંચાઈ પર આવેલું આ વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ એર બેઝ ગયા વર્ષે નવેમ્બરમાં કાર્યરત કરવામાં આવ્યું હતું. આ એરબેઝ ફાઇટર જેટ, હેલિકોપ્ટર અને ટ્રાન્સપોર્ટ પ્લેનને સંભાળવા માટે સક્ષમ છે. લડાખમાં વાયુસેનાનો આ આવું ચોથું એરબેઝ છે. અન્ય ત્રણ લેહ, કારગિલ અને થોઇસ ખાતે આવેલા છે. કારગિલ એરસ્ટ્રીપ લગભગ ૧૦,૫૦૦ ફૂટની ઊંચાઇ પર આવેલી છે. દૌલત બેગ ઓલ્ડી ALG ૧૬,૭૦૦ ફૂટની ઊંચાઇ પર LACની નજીક આવેલું છે અને તે વિશ્વના સૌથી ઊંચા એરફિલ્ડ તરીકે ઓળખાય છે.

અડવાણી આજે...

પાર્ટીએ જણાવ્યું હતું કે, અડવાણીનાં પુત્રી પ્રતિભા અડવાણી અને કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલ સહિત પાર્ટીના ઘણા વરિષ્ઠ નેતાઓ આ કાર્યક્રમમાં હાજરી આપશે. કાર્યક્રમની શરૂઆત સવારે 10 વાગ્યે પૂજા અને હવન સાથે થશે.

મોદી સરકાર હેઠળ...

ધ્યાનમાં રાખો કે જ્યારથી આ સરકાર સત્તામાં આવી છે ત્યારથી કોંગ્રેસ પાર્ટી અને અન્ય વિરોધ પક્ષોને સમાન તક મળી નથી.' 'તમામ સંસ્થાઓ, ખાસ કરીને ચૂંટણી પંચ પર તેમનું સંપૂર્ણ નિયંત્રણ, મુખ્ય પ્રવાહના મીડિયા પર તેમનો કબજો, તેમનું નાણાકીય બળ અને ધર્મનું તેમનું દોહન ધ્યાનમાં લો. ગાંધીએ કહ્યું, 'છતાં, અમારી પાર્ટી લડી રહી છે અને પ્રગતિ કરી રહી છે; વાસ્તવમાં, આ આક્રમણનો સામનો કરવાની મક્કમતા હોય તેવી આ એકમાત્ર પાર્ટી છે.'

2029ની ચૂંટણીમાં...


ઉલ્લેખ કરતાં દીપકેએ કહ્યું કે તેઓ જ્યાં પણ જશે ત્યાં તિરંગો સાથે રાખવાનું ચાલુ રાખશે.

દીપકેએ કહ્યું, "મને આ તિરંગો લહેરાવવા બદલ જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યો હતો. મારા બે ભાઈઓ સૌરવ અને આશુને પણ આ તિરંગો લહેરાવવા બદલ જેલમાં મોકલવામાં આવ્યા હતા. ભારતમાં આ પહેલા છેલ્લે ત્યારે બન્યું હતું જ્યારે આપણા પર બ્રિટિશરોનું શાસન હતું."

IPL ટ્રેડ ધમાકો: હાર્દિક પંજાબ કિંગ્સમાં અને અર્શદીપ મુંબઈમાં સામેલ થશે

રોહિત શર્મા ફરી બનશે મુંબઈ ઈન્ડિયનનો કેપ્ટન

હાર્દિકની કેપ્ટનશીપ હેઠળ મુંબઈનું પ્રદર્શન કથળ્યું હતું



નવી દિલ્હી, તા. 7 (પીટીઆઈ): \RIPL ઓક્શન પૂર્વે ટ્રેડિંગ વિન્ડો દરમિયાન એક મોટો ફેરફાર થવા જઈ રહ્યો છે. સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા હવે પંજાબ કિંગ્સ તરફથી રમતો જોવા મળશે, જ્યારે તેના બદલામાં ડાબોડી ફાસ્ટ બોલર અર્શદીપ સિંહ પાંચ વખતની ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સ ટીમમાં સામેલ થશે. બંને ફ્રેન્ચાઈઝીએ આ સ્વેપ ડીલ માટે સંમતિ દર્શાવી BCCIને પોતાના પત્રો સોંપી દીધા છે અને ટૂંક સમયમાં જ આ ટ્રેડ પર અધિકૃત મહોર લાગી જશે.

આ સાથે જ મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન પદ અંગે પણ મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. 2024માં હાર્દિકની આગેવાની હેઠળ કેપ્ટનશીપમાં ફેરફાર કરાયા બાદ ટીમનું પ્રદર્શન કથળ્યું હતું અને પાંચ વખતની ચેમ્પિયન મુંબઈ પ્લેઓફમાં પણ ક્વોલીફાઈ કરવામાં નિષ્ફળ ગઈ હતી. હવે આઈપીએલ 2027ની આગામી સીઝન માટે રોહિત શર્મા ફરી એકવાર મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન તરીકે વાપસી કરશે. બીજી તરફ, શ્રૈયસ અય્યરને પંજાબ કિંગ્સના કેપ્ટન તરીકે જાળવી રખાશે, જેથી હાર્દિક પંડ્યા માત્ર એક ખેલાડી તરીકે જ પંજાબ ટીમમાં જોડાશે.

સૂત્રએ જણાવ્યા મુજબ આ ટ્રેડ પૂર્ણ થઈ ગયો છે અને હાર્દિક આ ટ્રેડથી ખુશ છે અને અય્યરની કેપ્ટનશીપ હેઠળ રમવા માટે તૈયાર છે.

ટ્રેડની અને હાર્દિકની મહત્ત્વની વિગતો

» **સૌથી મોટો ટ્રેડ:** આઈપીએલ હરાજી પહેલાં આને સૌથી મોટો ટ્રેડ માનવામાં આવી રહ્યો છે. હાર્દિક પંડ્યાની મુંબઈ ઈન્ડિયન્સમાંથી વિદાય થશે જ્યારે અર્શદીપ સિંહ મુંબઈના પેસ એટેકને મજબૂત કરશે.

» **કેપ્ટનશીપમાં ફેરફાર:** રોહિત શર્મા મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન તરીકે વાપસી કરશે, જ્યારે હાર્દિક પંડ્યા પંજાબમાં શ્રેયસ અય્યરની આગેવાની હેઠળ રમશે.

» **મુંબઈના કેપ્ટન તરીકે સૌથી ખરાબ પ્રદર્શન:** હાર્દિકની આગેવાની હેઠળ 2024થી મુંબઈ ઈન્ડિયન્સે 39માંથી 15 મેચ જીતી અને 24માં હાર સામનો કરવો પડ્યો છે. મુંબઈમાં કેપ્ટન તરીકે તેનો 0.625નો વિન-લોસ રેશિયો આઈપીએલ ઇતિહાસમાં સૌથી ખરાબ છે.

» **ગુજરાત વતી રેકોર્ડ સૌથી સારો હતો:** મુંબઈની સરખામણીએ ગુજરાત ટાઇટન્સમાં હાર્દિકનો રેકોર્ડ અદ્ભુત હતો, જ્યાં તેણે 31માંથી 22 મેચ જીતીને 2.444નો વિન-લોસ રેશિયો નોંધાવ્યો હતો, જે આરસીબીના રજત પાટીદાર (2.500) પછી લીગમાં બીજો શ્રેષ્ઠ રેશિયો છે.

» **રિટેન્શન ડેડલાઈન:** બીસીસીઆઈએ ખેલાડીઓની રિટેન્શન ડેડલાઈન લંબાવીને 17 નવેમ્બર કરી દીધી છે.

» **મિની હરાજીની તારીખ:** આઈપીએલ 2027 માટેની મિની હરાજી 16 ડિસેમ્બરે ગોવા ખાતે યોજાશે.

» **પંજાબના સંભવિત રીલીઝ ખેલાડીઓ:** હરાજી પહેલાં પંજાબ કિંગ્સ માર્કસ સ્ટોઈનિસ અને નેહાલ વઢેરાને ટીમમાંથી રીલીઝ (મુક્ત) કરે તેવી શક્યતા છે.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

નાક બંધ થઈ જાય

શરદીની સહોદર છે. સૂંઠ નાંખેલું ગરમ પાણી પીવો. રોજ નાસ લેવો, પાણીમાં લીમડાના પાન અને અજમો નાંખીને ઉકાળી તેનો નાસ લેવો.

આજનું પંચાંગ

તા. 08/11/2026, રવિવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** આસો
તિથિ: વદ: ચૌદસ: 11:29, પછી અમાવસ
અયન : દક્ષિણાયન **ઋતુ :** હેમંત
રાષ્ટ્રિય દિનાંક : કારતક-17 **યોગ :**આયુષ્યમાન
કરણ: ચતુષ્પદ **નક્ષત્ર :** સ્વાતિ: વૃધ્ધિ નક્ષત્ર છે
રાશિ: તુલા (ર,ત)
દિવસ : અશુભ- નરકચતુર્દશી- અભ્યંગ સ્નાન- દિપાવલી- લક્ષ્મી વ ઇન્દ્ર પૂજન- મહાવીર- નિર્વાણ દિન,
સુરતમાં સૂર્યોદય : 06:46 **સુરતમાં સૂર્યાસ્ત :** 17:59
નવકારસી : 07:34
પારસી વર્ષ : 1396 ખોરદાદ માસનો 26 મો રોજ
મુસલમાન વર્ષ :1448 જમાદીલ ઊલ અવલ માસનો 27મો રોજ
દિવસનાં ચોઘડિયાં: ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદવેગ,
રાત્રિનાં ચોઘડિયાં: શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ,
રાહુ કાળ : સાંજે:- 16:30 થી 18:00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): કુટુંબીજનો સાથે ખર્ચ ખરીદી અને વેપાર ધંધામાં વ્યસ્ત રહેવાનો દિવસ ઉત્સાહજનક પસાર થશે. દિવાળીની શુભકામના.

વૃષભ (બ,વ,ઉ,): ઉત્સાહ અને ખુશનુમા પરિવારિક વાતાવરણ રહેશે. આરોગ્યનું ધ્યાન રાખવું. શુભ સમાચાર અને પ્રગતિજનક દિવસ. દિવાળીની શુભકામના.

મિથુન (ક,છ,ઘ,): વેપાર ધંધામાં પ્રગતિજનક નિર્ણય લેવાય. સંતાનોના કામમાં પ્રગતિ થાય. આર્થિક પ્રગતિ થાય. દિવાળીની શુભકામના.

કર્ક (ડ,હ,): રચનાત્મક કાર્ય પાર પડે. ઘરમાં દિવાળી ઉત્સવનું ખુશનુમાં વાતાવરણ રહે. પ્રવાસનું આયોજન થાય. દિવાળીની શુભકામના.

સિંહ (મ,ટ,): દિવાળી તહેવારના કારણે પરિવારમાં તાલમેળના કારણે મહત્ત્વના નિર્ણયથી ભવિષ્યની યોજના બને. દિવાળીની શુભકામના.

કન્યા (પ,ઠ,ણ,): આવકની સામે જાવક પણ વધે. જો કે ઉત્સાહજનક અને નવી યોજના પાર પાડનાર દિવસ રહેશે. દિવાળીની શુભકામના.

તુલા (ર,ત,): પરિવારમાં માંગલિક વાતાવરણ અને વેપાર-ધંધામાં પ્રગતિ તેમજ નવી યોજના પાર પડશે. દિવાળીની શુભકામના.

વૃશ્ચિક (ન,ય,): આવનાર વર્ષની નવી યોજનામાં પ્રગતિજનક દિવસ છે. મહત્ત્વના કામ પાર પડે. ઘરમાં ખુશીમય વાતાવરણ. દિવાળીની શુભકામના

ધન (ભ,ધ,ફ,ઢ,): જૂના રોકાણ અને જૂના કરેલા કામનો લાભ મળે તથા ઘરમાં નવા ફેરફાર સાથે ઉત્સવ મનાવવામાં વ્યસ્ત, દિવાળીની શુભકામના.

મકર (ખ,જ,): મિત્રો સંબંધીઓ સાથે આનંદમય વાતાવરણથી ઘરમાં વ્યસ્ત રહેવાનું બને. આવક વધશે. દિવાળીની શુભકામના

કુંભ (ગ,સ,શ,ષ,): શુભ સમાચાર મળે. ધાર્મિક પ્રવાસનું આયોજન થાય. ઘરમાં તાલમેળ યુક્ત ઉત્સવ મનાવાય. દિવાળીની શુભકામના.

મીન (દ,ચ,ઝ,થ,): ધાર્મિક વાતાવરણમાં દિવસ પસાર થાય. ઉઘરાણી આવે. નવી તક મળે. મિત્રોનો સાથ મળે. દિવાળીની શુભકામના.

કોઈ પણ સાલમાં 08 નવેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ સંઘર્ષની સાથે નવી તકો પેદા કરનાર રહેશે. નોકરીમાં નવા ફેરફારથી જવાબદારી વધશે. ધંધા-વેપારમાં હરીફો વધે. આર્થિક બાબતે સામાન્ય રહે. સમાજમાં સામાન્ય રહે. ઉઘરાણી આવવાથી નવા રોકાણ થાય. નવા ઘર, વાહન, મકાનની યોજના શરૂઆતમાં પાર પડશે. સંતાનોના અભ્યાસ-કેરીયરમાં પ્રગતિ થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં મદદ મળે. પ્રેમ વિવાહમાં વિઘ્નો આવે. વિદેશનાં કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓની મહેનત રંગ લાવશે. ઉંમર લાયકના વિવાહ થાય. જમીન-જાયદાદ, વારસા બાબતે પ્રગતિ થાય. આવક વધારવાની યોજનામાં મિત્રો વડીલોનો સાથ મળે. સ્ત્રી વર્ગ માટે સંઘર્ષમય વર્ષ રહેશે. આરોગ્યનું ખાસ ધ્યાન રાખવું. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. ડિસેમ્બર- જાન્યુઆરી- ફેબ્રુઆરીમાં શુક્ર શનિવારે 08, 17, 26 તારીખે નવાં કામ ટાળવો. સોનેરી અને લીલા રંગનો ઉપયોગ ટાળવો. કાળા-નીલા રંગનો ઉપયોગ વધારવો. શનિવારનો ઉપાય કરતાં રહેવું.